અપીલ અરજી નં.૬૫૯ તા.૨ –૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન,

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૧૦–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) અધિકારી દ્વારા વિશ્વાસઘાત કરી કર્મચારીની નોકરી અથવા કર્મચારીનો હક્ક છીનવામાં આવે અને નિયત કરેલ ઠરાવનો ભંગ કરવામાં આવે તેમજ કર્મચારી અથવા સમાજનાં સાથે માનસિક, શારીરિક અને આર્થિક નુકશાન પહોંચાડે તો તેવા અધિકારી સામે કાયદેસર રાહે તાત્કાલિક ધારા–ધોરણ હેઠળ કડકમાં કડક પગલાં લેવા બાબતની માહિતી નકલ અને કલમોની યાદીની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૯/૨૦૧૧–૧૨

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૧૦–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) અધિકારી દ્વારા વિશ્વાસઘાત કરી કર્મચારીની નોકરી અથવા કર્મચારીનો હક્ક છીનવામાં આવે અને નિયત કરેલ ઠરાવનો ભંગ કરવામાં આવે તેમજ કર્મચારી અથવા સમાજનાં સાથે માનસિક, શારીરિક અને આર્થિક નુકશાન પહોંચાડે તો તેવા અધિકારી સામે કાયદેસર રાહે તાત્કાલિક ધારા–ધોરણ હેઠળ કડકમાં કડક પગલાં લેવા બાબતની માહિતી નકલ અને કલમોની યાદીની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /આઉટ નં./૨૪૩૭ તા. ૨૩–૦૨–૧૨થી માંગેલ માહિતી અધુરી, અપૂરતી અને સ્પષ્ટ કર્યા વિનાની હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૫૮ તા. ૯–૩–૧૨થી જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને જાહેર માહિતી અધિકારીએ માંગેલ વિગતો–પૂર્તતા તેમને આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે સ્પષ્ટતા સહ તેમનો પક્ષ રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારીના તા. ૨૩–૨–૧૨ના પત્ર અનુસાર માહિતીની માંગણીની વિગતો અપીલ દરમ્યાન સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/જાવક/૨૬૩૬ તા. ૧૪–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ/૨૪૩૭ તા. ૨૩–૨–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) અધિકારી દ્વારા વિશ્વાસઘાત કરી કર્મચારીની નોકરી અથવા કર્મચારીનો હક્ક છીનવવામાં આવે અને નિયત કરેલ ઠરાવનો ભંગ કરવામાં આવે તેમજ કર્મચારી અથવા આમજનતા સાથે માનસિક, શારીરિક અને આર્થિક નુકશાન પહોંચાડે તો તેવા અધિકારી સામે કાયદેસર રાહે તાત્કાલિક ધારા–ધોરણ હેઠળ કડકમાં કડક પગલાં લેવા બાબતની માહિતી નકલ અને કલમોની યાદીની માહિતી (૨) અને આ બાબતે કર્મચારીની સીકયોરીટી અને આર્થિક અથવા આ બાબતે કાર્યવાહી કરવા સરકારી જે મળતા લાભ અને સહાય બાબતની માહિતીની નકલ સહી–સિક્કા સહિત સંપૂર્ણ માહિતી આપવી. તેવી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આઉટ/૨૪૩૭ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિમાં " આપે માંગેલ માહિતીનું વિષય–વસ્તુ સંદિગ્ધ હોવાથી સ્પષ્ટ થતું નથી. કયા અધિકારી–કર્મચારી વિશેની અને શાની માહિતીની નકલની માંગણી કરેલ છે તેની વિગતવાર સ્પષ્ટતા કરવી

ત્યારબાદ માહિતી આપવા અંગેની આગળની કાર્યવાહી કરી શકાશે. સ્પષ્ટતા બાદ સમય અવધિ ગણતરીમાં લેવાશે તે પણ જાણમાં લેવા વિનંતી છે. વધુમાં સુરત મહાનગરપાલિકાના કર્મચીરઓની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. suratmunicipal. gov.in પર મુકવામાં આવેલ છે. જે નાગરિક સુવિધા કેન્દ્રના કીયોસ્ક મશીન ખાતે પણ જોઈ શકાય છે " તેવું જણાવેલ. જે અંગે અરજદારે માંગેલ માહિતી અધુરી, અપૂરતી અને સ્પષ્ટ કર્યા વિનાની હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં અરજદારે આપેલા જવાબમાં સ્પષ્ટતા માંગેલ છે જે અંગે અરજદારે પત્રમાં લખી જણાવેલ છે. જેમાં અરજદારે કચેરી દ્રારા વિશ્વાસઘાત કરી કર્મચારીની નોકરી હક છીનવવામાં આવેલ હોય તેના બીપીએમસી એકટ તથા મુકકર ઠરાવ સામાન્ય સભાએ પ્રસાર કરેલ હોય જે ઠરાવની અને બીપીએમસી એકટની જોગવાઈની માહિતીની નકલ, કર્મચારી દ્રારા આમજનતા સાથે માનસિક, શારીરિક અને આર્થિક નુકશાન કરતા હોય તેવા કર્મચારી–અધિકારી સાથે બીપીએમસી એકટ દ્રારા અંગેની માહિતી નુકશાન બીપીએમસી એકટ ઉપરોકત બાબતે કર્મચારીની સીકયોરીટી અને લાભની કાર્યવાહી કરવા સરકારી જે લાભો અને સહાય બાબતની માહિતીની વિગતો રજૂ કરેલ છે. જે અંગે અરજદારે કરેલ અપીલ બાબતે અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર પાસે જાહેર માહિતી અધિકારીએ માંગેલ વિગતોની પૂર્તતા બાબતે માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કરેલ કે કેમ ? તે અંગે સ્પષ્ટતા સહ તેમનો પક્ષ રજૂ કરવા અત્રેથી આરટીઆઈ સેલ/૧૯૫૮ તા. ૯–૩–૧૨થી પત્ર પાઠવવામાં આવેલ. જેમા જાહેર માહિતી અધિકારીના તા. ૨૩–૨–૧૨ના પત્ર અનુસાર માહિતીની માંગણીની વિગતો અપીલ દરમ્યાન સ્પષ્ટ કરવા પણ જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો કે સ્પષ્ટતા કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારની માંગવામાં આવેલ માહિતીનું વિષય વસ્તુ સંદિગ્ધ છે અને જે અંગે અરજદાર જાહેર માહિતી અધિકારીએ માંગેલ સ્પષ્ટતા કરી માહિતી મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૩–૧૨ ધ્યાને લેતાં ૩૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી કરેલ પ્રસ્તાવ અનુસાર માહિતીની સ્પષ્ટતા કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ,